Received on : 26-05-2026
Registered on : 26-05-2026
Decided on : 02-06-2026
Duration : Y M D
- - 07

**જુનાગઢના મે. પાંચમા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. જુનાગઢ.**
**ફોજદારી પરચુ. અરજી નં. ૪૨૮/૨૦૨૬.**
**આંક– ૦૫**

અલ્પેશસિંહ હિંમતસિંહ પરમાર,
રહે. ચેતનનગર, જૂનાગઢ.
(હાલ જીલ્લા જેલ, જૂનાગઢ.) ......**અરજદાર/આરોપી**

**–:: વિરૂધ્ધ ::–**

શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ. ......**સામાવાળા**

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૪૮૩ હેઠળ વચગાળાની જામીન અરજી.

**ગુન્હો :–** ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૩૭(૨), ૬૪(૨)(એમ), ૬૫(૧), ૮૭ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮, ૧૨ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(ડબલ્યુ), ૩(૨)(૫) મુજબ.

**સંદર્ભ :–** બીલખા પોલીસ સ્ટેશન ગુ. રજી. નં. ૧૧૨૦૩૦૦૮૨૫૦૦૭૧/૨૦૨૫.

---

અરજદાર/આરોપી તરફે વિ. વકીલશ્રી એસ.કે.મહેતા(એલ.એ.ડી.સી.)
સામાવાળા શ્રી સરકાર તરફે વિ. પી. પી. શ્રી એન. કે. પુરોહીત.

---

**–: હુકમ :–**

(૧) હાલની અરજી અરજદાર/આરોપી સામે બીલખા પોલીસ સ્ટેશન ગુ. રજી. નં. ૧૧૨૦૩૦૦૮૨૫૦૦૭૧/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની

કલમ– ૧૩૭(૨), ૬૪(૨)(એમ), ૬૫(૧), ૮૭ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮, ૧૨ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(ડબલ્યુ), ૩(૨)(૫) મુજબ ગુનો નોંધાયેલ અને તે ગુનાને કામે હાલના અરજદાર /આરોપી તા. ૦૬–૦૫–૨૦૨૫ થી કસ્ટડીમાં હોય, તેઓ તરફે બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે વચગાળાની જામીન ઉપર મુકત થવા માટે તેમના વકીલશ્રી મારફત હાલની આ અરજી દાખલ કરેલ છે. જે અરજી દાખલ કરી સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા સરકારશ્રી તરફે વિદ્વાન જીલ્લા સરકારી વકીલશ્રી એન. કે. પુરોહીત હાજર થયેલા. તેઓએ તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું આંક–૦૪ થી રજુ કરેલ છે.

**(૨)** અરજીના અનુસંધાને અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી ને તથા સામાવાળા સરકારશ્રી તરફે વિદ્વાન જીલ્લા સરકારી વકીલશ્રી એન. કે. પુરોહીતને રૂબરૂ સાંભળ્યા. અરજીમાં જણાવેલ હકીકતો અને અરજી સાથે રજુ કરેલ પેપર્સ તથા તપાસ કરનાર અમલદારે આંક–૦૪ થી રજુ કરેલ સોગંદનામું વંચાણે લીધુ.

**(૩)** અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી ઘણાં લાંબા સમયથી જેલમાં છે, અરજદારના પરિવારની આર્થિક સ્થિતી ખૂબ જ નબળી થઈ ગયેલ છે અને પરિવારમાં પત્ની–બાળકો, માતા–પિતા છે અને ભાઈ ભાભી અલગ રહે છે અને અરજદાર/આરોપી સિવાય પરિવારમાં અન્ય કમાનાર નથી. વધુમાં રજુઆત છે કે, અરજદાર/ આરોપીના પત્નિને કરીયાણુ તથા બાળકોના ઉછેરમાં તકલીફ તડે છે તેથી જો વચગાળાના જામીન મુકત કરવામાં આવે તો બહાર જઈ મહેનત–મજુરી કરી પરિવારને આર્થિક મદદરૂપ થઈ શકે તેમ છે અને જો વચગાળાના દિન–૩૦ ના જામીન મંજુર કરવામાં આવશે તો સમયસર

જેલે હાજર થઈ જશે અને શરતો પાળવા અને જામીન આપવા તૈયાર છે જે તમામ હકીકતે અરજદાર/આરોપીની દિન–૩૦ ની વચગાળાની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

**(૪)** જયારે સરકાર તરફે વિદ્વાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી પોતે પરણીત હોવા છતાં ફરીયાદીની સગીર વયની દિકરી ભોગબનનાર જેની ઉમર ૧૨–વર્ષ, ૧૧–માસ અને ૧૯–દિવસવાળીને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ તેણીં સાથે તેની મરજી વિરૂધ્ધ અવાર–નવાર શરીર સબંધ બાંધી જાતિય સતામણી કરી ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીએ અગાઉ કરેલ રેગ્યુલર જામીન અરજી પણ નામંજુર કરવામાં આવેલ હતી. વધુમાં અરજદાર/આરોપીને વચગાળાના જામીન મુકત કરવામાં આવશે તો ફરીયાદી તથા સાહેદોને ધાકધમકી, લાલચ પ્રલોભન આપી ચેનકેન પ્રકારે ફોડી કેસને નુકશાન કરશે. વધુમાં રજુઆત કરેલ છે કે, અરજદાર /આરોપીએ ભોગબનનારનુ અપહરણ કરી દુષ્કર્મ આચરી ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ છે, જામીન મુકત થયે નાસી–ભાગી જાય તેમ છે જે તમામ હકીકતે તેમજ સોગંદનામાની હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆાત કરેલ છે.

**(૫)** બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લીધી તથા અરજીમાં જણાવેલ હકીકતો, અરજી સાથે રજુ કરેલ પેપર્સ, પોલીસ તપાસના કાગળો અને તપાસ કરનાર અમલદારે રજુ કરેલ સોગંદનામું ધ્યાને લીધુ.

**(૫.૧)** ફરીયાદ તથા પોલીસ તપાસના કાગળો વંચાણે લેતા, આ કામે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૩૭(૨), ૬૪(૨)(એમ), ૬૫(૧), ૮૭ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮, ૧૨ તથા

એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(ડબલ્યુ), ૩(૨)(૫) મુજબના ગુનાનો આક્ષેપ છે.

અરજદાર/ આરોપીએ હાલની અરજી ગુણદોષ પર નહી પરંતુ અરજદારના પરિવારની આર્થિક સ્થિતી ખૂબ જ નબળી થઈ ગયેલ છે અને પરિવારમાં પત્ની–બાળકો, માતા–પિતા છે અને ભાઈ ભાભી અલગ રહે છે અને અરજદાર/આરોપી સિવાય પરિવારમાં અન્ય કમાનાર નથી. વધુમાં રજુઆત છે કે, અરજદાર/ આરોપીના પત્નિને કરીયાણુ તથા બાળકોના ઉછેરમાં તકલીફ તડે છે તેથી જો વચગાળાના જામીન મુકત કરવામં ા આવે તો બહાર જઈ મહેનત–મજુરી કરી પરિવારને આર્થિક મદદરૂપ થઈ શકે તેમ છે અને જો વચગાળાના દિન–૩૦ ના વચગાળાના જામીન અરજી કરેલ છે. સદરહુ અરજી સામે તપાસ કરનાર અમલદારનુ આંક–૪ થી રજુ સોગં દનામુ વંચાણે લીધુ. વધુમાં અરજદાર/ આરોપી સામે સદરહુ ગુન્હાનો પોકસો કેસ નં. ૧૫/૨૦૨૫ થી અદાલત સમક્ષ પેન્ડીંગ છે. અરજદાર/આરોપીએ ગં ભીર પ્રકારનો ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ હોય, ટ્રાયલ પેન્ડીંગ હોય, તે સં જોગોમાં અરજદારને જામીન પર મુકત કરવામાં આવે તો ગંભીર અસર ટ્રાયલ પર પડે તેવી જણાતી હોય, હાલની આ વચગાળાની જામીન અરજીમાં જણાવેલ કારણ તેની સાથે રજુ દસ્તાવેજો જોતા મંજુર થવાપાત્ર જણાતી નથી. તેમજ અરજીમાં જણાવેલ કારણ પણ સંતોષકારક જણાતુ નથી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ હાલની વચગાળાની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

હાલના અરજદાર/આરોપી અલ્પેશસિંહ હિંમતસિંહ પરમાર, હાલ જીલ્લા જેલ, જુનાગઢવાળાની હાલની વચગાળાની જામીન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૦૨જી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

જૂનાગઢ.

**(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)**

તા. ૦૨–૦૬–૨૦૨૬.

પાંચમા એડી. સેશન્સ જજ, જૂનાગઢ

(કોડ નં. GJ01005)